સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

અધિકારી ને સમજે રોબોટ, રિમોટે ચલાવે છે,
એની કાંધે રાખી બંદૂક નેતા દિવાળી મનાવે છે,
રહે છે તનાવે સંનિષ્ઠ આઇપીએસ-આઇએએસ -
મેલી મુરાદો ના નેતા, એમને 'હાથા' બનાવે છે..

દુર્ગા શક્તિને
રમાડે છે ગરબે -
રાજકારણ..

ચંડ-મૂંડને
ચોળશે ચપટીમાં -
મા-દુર્ગા શક્તિ..

હાઈકુ

ચિંતન

ઈર્ષી, ઘૃણી ત્વ સંતુષ્ટઃ કોધનો નિત્ય શંકિતઃ ।
પર ભાગ્યોપજીવી ચ ષેડતે દુખ ભાગિનઃ ॥

'હંમેશા બીજાની ઇર્ષ્યા કરનારો, બીજાનો દ્વેષ-ઘૃણા-તિરસ્કાર કરનારો, અસંતોષી, ક્રોધી હંમેશનો શંકાશીલ રહેનારો અને બીજાના ભાગ્ય પર નભનારો-જીવી જનારો, આ છ પ્રકારના માણસો સદાય દુઃખ ભોગવનારા હોય છે.'

જે વ્યક્તિ બીજાના સુખ-સાહ્યબી જોઇ ન શકે અને તેની આવક - સ્વભાવ વિશે ખરાબ જ બોલ્યા કરે એવા ઇર્ષાળુ જાતે કરી પોતાનો જીવ બાળે છે એને દુઃખ થાય છે.

વિના કારણ કોઇ તરફ દ્વેષ-ઘૃણા અને તિરસ્કાર કરનારા-કેટલાક લોકો મનથી જ કોઇ કોમ-ધર્મ પ્રત્યે નાહક તિરસ્કાર કરનારા હોય છે તે નાહક મનથી જ દુઃખ અનુભવે છે.

અસંતોષી-ઇશ્વરે-સંજોગે જે કંઇ આપ્યું છે એમાં અંસતોષ રાખી વધારેને વધારે પ્રાપ્તિ માટે વધુ હૈરાન-પરેશાન થનારા કાયમી દુખી રહે છે.

શંકાશીલ માણસ કોઇના હલન-ચલન, શબ્દો, ભાષા હાવભાવમાં પણ શંકા કરી દુઃખી થતા હોય છે.

ક્રોધી પોતાના સ્વભાવને કારણે સદાય ક્રોધની જવાળામાં બળતો રહે છે.

પરોપજીવી-પરતંત્ર-બીજાના ભાગ્ય પર જીવનારો પણ સદાય દુઃખી રહે છે

દુઃખમાં રહેનારાના અહીં છ પ્રકાર કહ્યા છે.

સુવિચાર

- **દુઃખ વીરોને વધુ તેજસ્વી બનાવે છે અને કાયરોને છિન્નભિન્ન કરી નાખે છે- ભાણદેવ**
- **જે માણસ સાચો હોય છે તે લોકોના હૃદયમાં રહે છે પણ જે માણસ દયાળું હોય છે તે ઇશ્વરના હૃદયમાં રહે છે - એરિસ્ટોટલ**
- **માતાપિતાએ આપેલા સંસ્કાર અને આશિર્વાદ એ કુટુંબ અને સમાજ રૂપી ઇમારત માટે ઇંટ, રેતી અને સીમેન્ટ છે - સંત ઓગસ્ટીન**
- **આપણે જેવા છીએ તેવા મા-બાપે આપણને સ્વીકારી લીધા, મા-બાપ જેવા છે તેવા આપણે એમને સ્વીકાર્યા ખરા - ડો. સુધીર દેસાઇ**
- **ગાંધીજીના કપડામાં એકેય ખીસું ન હતું આજે બધાના ખીસામાં ગાંધીજી છે- એસ. ભટ્ટાચાર્ય**
- **સામાન ઓછો હોય તો તીર્થ યાત્રા સુગમ થાય, એમ જ પરિગ્રહ (સંગ્રહવૃત્તિ) ઓછો હોય તો જીવન યાત્રા સફળ બને - પૂજ્ય મોરારી બાપુ**
- **માણસ પોતાની કબર દાંત વડે ખોદે છે - ચીની કહેવત**

બોધ કથા

આજના ઘણા આઇએએસ અને આઇપીએસ અધિકારી પોતાના બળથી, શક્તિ અને આવડતથી યોગ્યતા પ્રમાણે હોદ્દા પર પહોંચ્યા છે અને સત્યનિષ્ઠાથી વફાદારીપૂર્વક રાષ્ટ્રીય ફરજ બજાવે છે પરંતુ કેટલાક ચાપલૂસખોર-નબળા ટૂંકે માર્ગે આગળ વધવામાં માનનારા નેતાજીઓનાં ચરણસ્પર્શ કરી કાયદા નિયમોનું ફિડલું કરી, નેતાજીને આજ્ઞાને જ ગીતા માને છે પછી ભલે ને જેલમાં જાય, બરતરફ થાય કે આત્મહત્યા કરે! પણ રાજકીય નેતાના 'હાથા' બની જાય છે.

એક સુંદર સાગનું વન હતું. સુંદર સાગ સીસમના વૃક્ષો હતાં. એમાં એક કરપીણ કઠિયારો હાથમાં ધારદાર કુહાડીની પાનું લઇ એનો હાથો બનાવવા એક લાકડું - શોધતો હતો.

વૃક્ષો ધ્રૂજવા લાગ્યાં. કઠિયારાથી ડરવા લાગ્યાં 'આજે આપણું આવી બન્યું' એમ વિચારવા લાગ્યાં ત્યાં એક વડીલ વડલાએ કહ્યું, તમે લોકો ડરો નહી એની પાસે માત્ર ધારદાર પાનું જ છે. (સત્તા) અને એનો હાથો નથી (કાયદા-નિયમ) - આપણાં લાકડાંમાંથી એનો હાથ બને તમારામાંથી કોઇ પણ 'હાથો' બનવા તૈયાર ન થશો. તો એનું ધારદાર પાનું કંઇ જ આપણો વાળ વાંકો નહીં કરી શકે.

... પરંતુ બીજે દિવસે કઠિયારો નવા હાથા સાથેની કુલ્હાડી લઇ આવી પહોંચ્યો અને વૃક્ષો પર 'ઘા' કરવા લાગ્યો. વડલો બોલ્યો આપણામાંથી જ કોઇ ફૂટી જાય અને હાથા બને પછી શું થાય?!

Email - sureshchandrabhatt18@gmail.com

ડોકટર પમ્પસના સૂત્રધાર શ્રી પરસોત્તમભાઇ કમાણીએ જેવું વિચાર્યું તેવું પ્રાપ્ત થયું

મોંઘેરા મોતી
- નટવર આહલપરા

માણસ ધારે કાંઇ અને થાય કાંઇ પણ અહીં ડોકટર પમ્પના સૂત્રધાર પરસોત્તમભાઇ કમાણીના જીવનમાં તેઓએ જે વિચાર્યું, તે થયું છે. ખરેખર પરસોત્તમભાઇ માટે કહી શકાય કે, પરમાત્માના ચારેય હાથ તેમના ઉપર સતત રહ્યા છે અને આજે પણ ઇશ્વરની અનન્ય કૃપા તેમને પ્રાપ્ત થઇ રહી છે. સ્વામી રામતીર્થે કહ્યું છે કે, 'રાષ્ટ્રભક્ત, દેશભિમાની થવાની તમારી ઇચ્છા છે? તો તમારા દેશ ઉપર દેશ બાંધવો ઉપર પ્રેમ કરો.'

પોતાના માટે તો સૌ જીવતા હોય છે. પણ રાષ્ટ્ર, સમાજ અને દીનદુઃખીયાઓ અર્થે જીવનારા છે. આવી જ પ્રતિભા છે શ્રી પરસોત્તમભાઇ ભારત દેશ માટે તેમનાં રૂંવાડે રૂંવાડે પ્રેમ ભર્યો છે. તેથી જ તેઓ ગૌરવ અને ગર્વ સાથે કહે છે કે, 'આપણું ભારત, આપણું ગૌરવ, આપણે જ ભારત.'

ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' નો સાર જાણે પરસોત્તમભાઇ કહેતા હોય તેવું ચોક્કસ થાય.

'વાંચન, વિચાર, વાણી, વર્તન, વૃત્તિ, વિહાર, વિવેક, વિનય, વહેવાર આ શબ્દોનાં ગુણાર્થ વિકાસના પર્યાય છે. જેને આપણે જીવનમાં ઉતારશું તો વિકાસની ગાડી ચોક્કસ દિશામાં ઝડપથી દોડશે. વાચક થકી વિચાર જન્મે છે, વિચારોનું વાવેતર કરશું તો વિચારો કાર્યમાં પરિણમશે અને એ જ કાર્યો ફળ સ્વરૂપે વરસશે. વાણી, વર્તન, વૃત્તિ, વિહાર, વિવેક, વિનય, વહેવાર જીવનમાં કેળવેલા હશે તો વેપાર વધારવામાં તો કામ આવશે જ અને સાથે સાથે જીવન પણ પુષ્પની જેમ ખીલી ઉઠશે. મિત્રો, આ જીવન અણમોલ છે અને આપણે જે પણ છી તે માતા-પિતા, ગુરૂ-ઇશ્વર કે અલ્લાહ ઉપર ઋણ છે. એવું સ્વીકારી આ ઋણને સેવાના સારા કાર્યો કરી બધા સાથે કાયમ જોડાઇને રહી ઋણનો બદલો વાળીશું. એવા ભાવ સાથે મારી વાત કરૂં છું.'

રાજકોટ પાસે પડધરી તાલુકાના ઘોરીયાળી ગામે તા.૧૧-૨-૧૯૫૪ ના શુભદિને માતા સ્વ. સંતોકબહેનના ખોળે જન્મનાર પરસોત્તમભાઇ પિતા સ્વ. વેલજીભાઇ. પરસોત્તમભાઇ એ નાની ઉંમરમાં માતાપિતાનું વાત્સલ્ય અને છત્ર ગુમાવ્યું હતું. પણ તેઓની સાથે માતાપિતાના આશિષ હંમેશા છે. તેવી પ્રતીતિ તેઓ ક્ષણે ક્ષણે કરે છે. બે ભાઇઓ અને બે બહેનોના આ પરિવાર હર્યાભર્યાં સંયુક્ત પરિવારનું ઉમદા ઉદાહરણ છે. પરસોત્તમભાઇનાં લઘુબંધુ મનસુખભાઇ હંમેશા વ્યવસાય અને વ્યવહારમાં પૂરેપૂરા પ્રેમથી સાથે રહે છે.

તા. ૩૦-૦૫-૧૯૭૫ના શુભદિને જેતપુર મુકામે પરસોત્તમભાઇએ તેમના ધર્મપત્ની લાભુબહેન સાથે સંસાર યાત્રાનો શુભારંભ કર્યો. લક્ષ્મી સ્વરૂપા બે દીકરીઓ અવતરી જે પરણિત છે. દીકરા પ્રતિકનું આગમન થયું. પ્રતીક ધોરણ બાર સુધી ભણ્યો છે. પણ માતાપિતાના પગલે વ્યવસાય અને વ્યવહારને બરાબર સુંદર રીતે વહન કરી છે. પરસોત્તમભાઇ અને લાભુબહેનને ભલે નવ ધોરણ સુધી ભણ્યા છે. પણ, એમના વ્યક્તિત્વ સૌ માટે પ્રેરક છે.

આવો, આપણે પરસોત્તમભાઇના ઉમદા વિચારોને જાણીએ, આત્મસાત કરીએ. તેઓ કહે છે કે, 'જેમ બીજમાં વૃક્ષ છુપાયેલું છે. દૂધમાં માખણ છે, સમુદ્રમાં મોતી છે, દરેક સરીરમાં આત્મા છે, ફૂલોમાં સુગંધ છે. જે આપણે જોઇ શકતા નથી. છતાં પણ તેમાં છે જ. એમ જ આ જીવનમાં પણ ઘણું બધું છે. તો આપ સહુ હૃદય વલોણા થકી મંથન કરશો તો જરૂર કંઇક બહાર આવશે.

તેઓ કોમ્પ્યુટર યુગ અને મંતવ્ય આપતા કહે છે.'જમાના પ્રમાણે ઉપયોગી છે. પણ, તેના ઉપયોગમાં ક્યાંક અવિવેક કે અતિરેક ન થવો જોઇએ.'

સ્વામી રામતીર્થ જેવા સમર્થ ગુરૂને આદર્શ ગણતા પરસોત્તમભાઇ સ્વામી વિવેકાનંદને અને સરદાર વલ્લભભાઇ પટેલને પોતાના રોલ મોડેલ માને છે, પ્રેરણામૂર્તિ પદે સ્થાપે છે. વાચનનો જબરો શોખ ધરાવતા તેઓએ પોતાના વ્યવસાય સંકુલમાં એક ચિંતન કક્ષ, લાયબ્રેરીનું નિર્માણ કર્યું છે. જ્યાં બેસી ચિંતન પ્રધાન, જીવનલક્ષી પુસ્તકો, ગ્રંથોનું વાંચન કરે છે.

જામનગરની પ્રસિદ્ધ આણંદા બાવા સંસ્થાના ગુરૂ આણંદા બાવા પ્રત્યે તેઓ અનહદ ભાવ ધરાવે છે. આજે દેશમાં સેન્ટ્રી ફ્યુગલ પમ્પનો પર્યાય બની ચૂકેલા 'ડોકટર' પમ્પના સર્જક અને સૂત્રધાર પરસોત્તમભાઇ એ માત્ર ૫૦/- રૂપિયાના માસિક પગારનો નોકરી કરી અને પછી તો લાગલગાટ ૨૫ વર્ષ સુધી સતત પરિશ્રમ કર્યો. તેમાં ખંત ઉમેરી આજે વાર્ષિક ૫૦ હજાર પમ્પસનું ઉત્પાદન કરતું એક નમુનેદાર એકમ સ્થાપ્યું છે. તેઓમાં સખાવતી અને સેવાભાવી આત્મા પણ ક્ષણે-ક્ષણે જીવી રહ્યો છે. ટીવીમાં તેઓને સમાચાર જોવા પસંદ છે. બાઘા, આખડીમાં શ્રદ્ધા ન રાખતાં તેઓ સ્વાસ્થ્યની જાળવણી અર્થે ઉપવાસ કરે છે. તેમની જીવનશૈલી ખૂબ જ સુંદર છે અને તેથી તેઓને ૪૫ વર્ષમાં ક્યારેય તાવ આવ્યો નથી, શરદી થઇ નથી. તેઓ સદા સ્વસ્થ, પ્રસન્ન રહે છે. નિયમિત ૧ કલાક ચાલવું અને અને પ્રાણાયામ કરવા તેમને પસંદ છે. ઇશ્વરને ધૂપદીપ કરે પણ મનથી.

અમેરિકા, યુરોપ અને સમગ્ર ભારતમાં પર્યટનો, ઉદ્યોગ પ્રવાસો કરી ચૂકેલાં પરસોત્તમભાઇના ફિલ્ડમેન એન્જિનીયર્સ ઉદ્યોગ સંકુલમાં રોજ સવારમાં કામગીરીનો પ્રારંભ આત્માના પૌષ્ટિક ખોરાક સમી પ્રાર્થના 'મંદિર તારૂં વિશ્વ રૂપાળું, સુંદર સર્જનહારા રે' થી થાય છે. કેવી દીર્ઘદૃષ્ટિ! કેવો શાલિન પ્રભાવ! સમાજની બધી જ સંસ્થાઓ સાથે જોડાયેલા અજાત શત્રુ સમા પરસોત્તમભાઇએ પોતાના ભાઇના લગ્નમાં વર્ષ-૧૯૮૫માં હાથગરણાની પ્રથા બંધ કરાવી હતી. માતા-પિતાના અવસાન સમયે લૌકિક ક્રિયાઓ બંધ રાખી. જમણા હાથે દાન કરીએ તો ડાબા હાથને ખબર ન પડે તેવી સેવા ભાવના ધરાવતા પરસોત્તમભાઇ ઉદાર દિલ માણસ છે. તેઓ માને છે કે,

'આજે આપણા દેશમાં આપણે પર્વોની ઉજવણી કરવાને બદલે પરદેસી તહેવારોને આપણે ધામધૂમથી ઉજવીએ છીએ. લેપટોપ, ઇન્ટરનેટ અને મોબાઇલનો બેફામ અને અવિવેકથી ઉપયોગ કરીએ છીએ. તે ઘણી દુઃખદ બાબત છે.'

પણ મિત્રો, તેઓની સુખદ બાબત છે છે કે ડોકટર બ્રાન્ડની સફળતા બાદ હવે પરસોત્તમભાઇ કમાણીનું સપનું છે કે સમાજનું સમાજને અર્પણ કરવું. દેશ-વિદેશમાં પ્રવાસ કરનાર પરસોત્તમભાઇ કહે છે કે, 'ખેડૂત મારા ગ્રાહક છે અને તેમને મારા પમ્પ ખરીદીને પરોક્ષ રીતે મને મારી હૈસિયત કરતાં પણ વધુ આપ્યું છે. આથી મારૂં શેષ જીવન ગામડામાં વસતાં ખેડૂતો અને ગ્રામજનોનું જીવન બહેતર કરવામાં વિતાવવા માગુ છું. લોકો ગામડા છોડી શહેરોમાં આવે છે. પણ મારે ગામડાઓમાં શહેરની તમામ સુવિધા ઉપલબ્ધ કરી ગામડાનો આત્મા અકબંધ રહેવા દેવો છે. આ માટે મારા મિત્રો, ગ્રાહકો, મસાજ સેવકોનો મેં સંપર્ક શરૂ કરી દીધો છે. ભવિષ્યમાં આદર્શ ગામડાની કલ્પના સાકાર કરવા કોઇ એક ગામડું દત્તક લઇ તેને આદર્શ બનાવવા તન, મન, ધનથી લાગી જઇશ. આગળ જતાં સૌરાષ્ટ્રના ગામે ગામમાં ઝુંબેશ ફેલાવી ગામડાને નંદનવન બનાવવામાં આવશે?'

'ડોકટર પમ્પના રજત જયંતિ વર્ષની ફલશ્રુતિ એ રહેશે કે કૃષિ, ગ્રામ્ય અને સામાજિક ક્ષેત્રે અગ્રેસરને ગામને રૂા. પાંચ લાખનો પુરસ્કાર અપાશે. શ્રેષ્ઠ વાડી, બળદની જોડી, પ્રગતિશીલ ખેડૂત, ગ્રામ્ય મહિલા, કૃષિ ક્ષેત્રે નવીન સંશોધન કરનાર ખેડૂત એમ દરેકને રૂા. ૨૫ હજારનો પુરસ્કાર આપી સન્માનિત કરાશે.'

આવું સુંદર વિઝન ધરાવતા પરસોત્તમભાઇની સંઘર્ષ કથા જાણવા જેવી છે.

અથાગ મહેનત દૃઢ વિશ્વાસ અને પ્રબળ ઇચ્છાશક્તિનો કોઇ વિકલ્પ નથી. 'મારા સંઘર્ષના દિવસોની વાત કરૂં તો શરૂઆતમાં ત્રણ મહિના ઇંધાની જગ્યા ન હોવાથી ( ) ના એડ્રેસથી કામ ચાલુ કરેલ. ત્યાર બાદ નાની દુકાન ભાડે લઇ રૂા. ૧૦/- ની ટૂટેલ ખુરશી લીધી બેસવાની વ્યવસ્થા કરેલી. મારી પાસે રૂા. ૪૦૦/- નો પહેલો ડ્રાફ્ટ આવેલ ત્યારે દુકાનમાં ટેબલ ન હોવાથી ડ્રાફ્ટ જર્જરિત થઇ ગયેલો, ત્યારે વીસ દિવસે રૂા. ૩૦૦/- સંબંધી પાસેથી ઉછીના લઇ બેંકમાં ખાતું ખોલાવેલું. નવો ઇંધો ઇંધામાં બિલકુલ મુડી નહીં. તેમજ ઘરખર્ચની સઘળી જવાબદારીઓ નિભાવવા દિવસ રાત એક કરી ટાઢ, તડકાની ચિંતા કર્યા વગર બસ, રીક્ષા, ટ્રક, ટ્રેક્ટર-સ્કૂટરથી સતત ટૂરો કરવી પડતી.'

(અનુસંધાન પાના નં. ૬ પર)

હે ભગવાન અમને સદ્‌બુદ્ધિ આપ કે આવા વૈચારિક યુદ્ધ સામે અમે ટકી શકીએ, અને એનો મુકાબલો કરી શકીએ...

વિચાર યાત્રા
- જય ઓઝા

આપણને અધિકાર છે?

અરે જવા દો ને યાર! ગાંધીજી મહાન નેતા હતા અને એ બધું બરાબર પણ એમણે છેલ્લે તો દેશની પથારી ફેરવી નાખી.

સુભાષચંદ્ર બોઝે 'આઝાદ હિંદ ફોજ'ની રચના કરી અને આઝાદી માટેનાં પ્રયત્ન કર્યા પણ એમણે આવી ઉતાવળ કરવાની શી જરૂર હતી?

શિવાજી મહારાજ મોગલો સામે ઝઝૂમ્યા અને હિંદુ સામ્રાજ્ય સ્થાપ્યું પણ ખરેખર તો તો મહારાષ્ટ્ર માટે જ લડતાં હતા. પ્રાદેશિક યોદ્ધાથી વિશેષ તેઓ કંઇ ન હતા.

દયાનંદ સરસ્વતી મહાન ક્રાંતિકારી સંત છે પણ આ મૂર્તિપૂજાનો વિરોધ કરવાની કાંઇ જરૂર! બોગ ચે યાર બધું.

ભગતસિંહ, રાજગુરૂ અને સુખદેવ એસેમ્બલીમાં બોમ્બ નાખીને પકડાી ગયા, અને શહીદ થઇ ગયા. અરે યાર! આવી કુરબાની આપવાથી શો ફેર પડ્યો? નકામા ફાંસીએ લટકી ગયા. ઉતાવળું પગલું ભર્યું.

આપણામાંના ઘણા છાશવારે આવા નિવેદન કરતા નજરે પડે છે. આ પ્રકારના અભિપ્રાય કે મત આપણને શો અધિકાર છે? તમે કે હું એ કાલખંડમાં જન્મ્યા નથી. આજની યુવા પેઢીએ કોઇ દિવસ ગાંધીજીને જોયા પણ નથી, એમના વિશે આપણને બસ એટલી જ ખબર છે કે, એ મહાત્માએ આપણે સ્વતંત્ર કર્યા, એ મહાન છે.

પણ ઘણાને ખાલી-ખાલી આવી પ્રતિભાને વખોડવાની ટેવ હોય છે. અભિપ્રાય આપવા યોગ્ય છે, પણ જ્યાં તમારો પનો ટૂંકો પડતો હોય ત્યાં મૌન જ રહેવું જોઇએ, આ વાત ઘણાની સમજમાં આવતી નથી.

આ દેશમાં વાણી - સ્વાતંત્ર્ય મળેલ છે એનો અર્થ એવો તો નથી જ કે આપણે જેમ ફાવે તેમ બોલે રાખીએ, મને લાગે છે કે આ એક જાતનો માનસિક રોગ છે.

ભગવાન બુદ્ધની એક વાર્તા નાનપણથી મારા મગજમાં કંડારાઇ ગઇ છે, એક મા પોતાના દીકરાની ફરિયાદ લઇને તેમની પાસે આવે છે ને કહે છે કે, 'ભગવાન મારો દીકરો ગોળ બહુ ખાય છે, એને સમજાવો.'

ભગવાન કહે છે કે, 'બેટા ગોળ ન ખાવો જોઇએ. આજથી બંધ કર.' ત્યારે માતા આશ્ચર્ય સાથે પૂછ્યું કે, આ જ વાત તમે સપ્તાહ પૂર્વે પણ કહી શક્યા હોત, કેમ ન કહીં? ત્યારે ભગવાન જવાબ આપે છે કે, - અઠવાડિયા પહેલા તો હું ગોળ ખાતો હતો, પછી તેને શિખામણ કેવી રીતે આપી શકું! બીજા વિશે કાંઇ પણ અભિપ્રાય આપતા પહેલાં આપણે પોતાની યોગ્યતા ચકાસવી જોઇએ.

હમણાં રાજમોહન ગાંધીના પુસ્તક 'મોહનદાસ : એ ટ્રુ સ્ટોરી ઓફ એ મેન, હિઝ પીપલ એન્ડ એન એમ્પાયર' પર ખૂબ ચર્ચા ચાલી છે, કોઇ ત્રાહિતની ક્યાં વાત કરવા જવી? ગાંધીજીનાં લોહીનાં સગા જ તેમનું વાટવા બેઠા છે, પુસ્તકમાં તેમનાં અન્ય સ્ત્રી સાથેનાં સંબંધ વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. તેના ઉંડાણણાં પડવા જેવું નથી, આપણને પણ ભ્રષ્ટ માનસિકતાના શિકાર કરી દે તેવી વાત તેમાં લખી છે. આજે આઝાદી મળ્યાની ષષ્ટીપૂર્તિ ઉજવાઇ રહી છે. ત્યારે આવા પાદમાંથી પૂળા કાઢવાનો કોઇ અર્થ ખરો? રામરાજ્યમાં એક ધોબી હતો જેણે સીતાજીને બદનામ કર્યા, આજે આવા ધોબીઓનો કોઇ તોટો નથી.

જેમણે પોતાનું સંપૂર્ણ જીવન પરિશ્રમ કરીને આખું આયખું દેશને સમર્પિત કરી દીધું હોય, તેના વિશે, તેમના અંગત જીવન વિશે બોલવાનો મને કે તમને ક્યો અધિકાર છે? આજે તો પોતડી-બાબા ગાંધીજીએ આઝાદી અપાવી ન હોત તો તમે ને હું આવી વાણી-વિલાસ કરી શકતા હોત? અંગ્રેજોનાં પગ ચાટલા નજરે ચડતા હોત. પણ ના! તેમણે કરેલા કામ ધ્યાનમાં નહીં લેવાના પણ તેમની એકાદ ભૂલ બિલોરી કાચ લઇને દેખાડે રાખવાની! કાશ્મીર મુદ્દે અને પાકિસ્તાનને અલગ દરજ્જો આપવાના મુદ્દે આજે પણ ઘણાં ગાંધીજી પર માછલા ધુએ છે, પણ અલા ભાઇ! તમે તમારા પરિવારના ચાર સભ્યો વચ્ચે પણ કોઇ એક નિર્ણય લઇ શકતા નથી, મત-મતાંતર ઊભા થઇ જાય છે, તો આ તો આખા દેશની વાત છે.

થોડા સમય પહેલાં એક લેખમાં કોઇએ. આર.એસ.એસ.ના દ્વિતીય સરસંઘચાલક આદરણીય માધવરાવ સદાશિવરાવ ગોળવલકર (પૂ.ગુરૂજી) વિશે પ્રલાપ કર્યો હતો. તેમના જેટલું ઉચ્ચ વાંચન તો મારૂં નથી, પણ મને એ ચોક્કસ ખબર છે કે, પ.પૂ. ગુરૂજીએ આજીવન રાષ્ટ્ર કાર્ય માટે તપ કર્યું. સ્વામી વિવેકાનંદના ગુરૂભાઇ સ્વામી અખંડાનંદજીના તેઓ શિષ્ય હતા. અને અત્યારે જ્યારે તેમની શતાબ્દી ઉજવાણી રહી ત્યારે રામરાજ્યના ધોબીઓએ ધોકા મારવાનું ચાલુ કર્યા.

આવો વાણીવિલાસ કરવાનું કારણ શું હશે? શું આ બધા બૌદ્ધિકો વિદેશીઓના હાથા તો નથી બની રહ્યા ને! આપણા દેશની આવી વિભૂતિઓ વખોડવા કેટલા મળતા હશે? કે જેને કારણે આપણા જ ભાઇઓ પોતાના આત્મા સુદ્ધા વેંચીને આપણા જ મહાન વ્યક્તિત્વો વિશે એલફેલ લખે રાખે છે, માનસિક રોગથી પિડાતા આવા રોગીઓને તો ગાંધીનગરની ફોરેન્સિક લેબની અંદર તપાસવા જોઇએ, નરભક્ષી મોનિન્દરની જેમ આ બધા શેતાની ખોપડી તપાસવી જોઇએ કે આ કયા પ્રકારના રોગથી પિડાય છે? અને જ્યાં બોલવાનું હોય ત્યાં ચૂપચાપ ખેલ જોયા કરશે, એમ.એફ. હુસેન આપણા દેવી-દેવતાના નગ્ન ચિત્રો દોરે તો ધર્મનિરપેક્ષતા દાખવશું. વળી પાછા શિવસેના કે બજરંગ દળ જેવા સંગઠન હો હા કરે તેમને વેદિયા કે નવરા ગણીને 'આવા બખાડા કેમ કરતા હશે' એમ કહી વખોડી કાઢીશું. માળું સમજમાં નથી આવતું આપણા ઋષિપુરૂષો વિશે જેમ તેમ લખનારા - બોલનારા આવા અધર્મી સામે મૂંગા કેમ બની જાય છે.

મહાપુરૂષો વિશે સારૂં ન બોલી શકીએ તો કાંઇ નહીં, પણ વખોળવાનું તો બંધ કરો. ગાંધીજી અને સરદાર જેવા આપણા સ્વતંત્ર્ય સેનાની વિશે અહીં આપણા દેશમાં જ આવા વિધાન કરીએ તો અમેરિકા અને ઇંગ્લેન્ડ વાળા તો તૈયાર જ બેઠા છે, આપણને વગોવવા માટે! આ વળી નવું કારતરૂં રચાતું લાગે છે! હે ભગવાન અમને સદ્‌બુદ્ધિ આપ કે આવા વૈચારિક યુદ્ધ સામે અમે ટકી શકીએ, અને એનો મુકાબલો કરી શકીએ...

સફળ અને અસફળ વ્યક્તિમાં શું તફાવત છે? તો એ કે એકે કામ-ક્રોધ સાથે કામ કર્યું છે અને બીજાએ કામ-ક્રોધમાંથી મુક્તિ મેળવી કામ કર્યું છે

પોઝિટિવ થિન્કિંગ
યશવંત કડીકર

કામ, ક્રોધ નિવાર્યા

ભક્તકવિ નરસિંહ મહેતાએ વૈષ્ણવજનનાં લક્ષણ ગણાવતાં આ ચાર સરસ રીતે આલેખી છે કે -

વૈષ્ણવજન તો તેને રે કહીએ,
જેણે કામ, ક્રોધ નિવાર્યા રે.

આપણા ઘરડાઓએ આ વાતને જુદી રીતે કહી છે -

'કમ ખાનાં ઔર ગમ ખાના.'

કામ-ક્રોધમાંથી મુક્તિ એટલે સત્યના માર્ગે પ્રયાણ. જીવનમાં સફળતા મેળવવા માટે કેટલાંક ગણ્યાં-ગાંઠ્યા માર્ગ છે, જેમાંનો એક માર્ગ છે - જીવનમાંથી કામ-ક્રોધનું નિવારણ.

ફ્રેંકલિને કહ્યું છે કે, 'શું તમને તમારા જીવન પ્રત્યે પ્રેમ છે? શું તમે તમારા જીવનને એક આદર્શ જીવન અને સફળ જીવન બનાવવા માગો છો? તો તમારા જીવનમાંથી કામ-ક્રોધનું નિવારણ કરો.'

શેક્સપિયર લખે છે, 'મેં કામ-ક્રોધ ના છોડ્યા અને પછી મને કામ-ક્રોધે ના છોડ્યો.'

જે લોકોએ દુનિયામાં પ્રગતિ કરી છે, જેઓ આગળ વધ્યા છે એમણે પોતાનામાંથી કામ-ક્રોધનું નિવારણ કર્યું હતું.

કામ-ક્રોધનું નિવારણ એ જ જીવનનું ધ્યેય હોવું જોઇએ. સિડની સ્મિથનું તો કહેવું છે કે તે કામ-ક્રોધનું નિવારણ કરશો તો તમારા માટે પ્રગતિનો માર્ગ આપોઆપ ખુલી જશે, પણ જો તમે કામ-ક્રોધથી ઘેરાઇ ગયા તો તમે કશું જ નહીં કરી શકો.

એનું શું કારણ હશે કે દુકાન ખોલનારી બે વ્યક્તિઓમાંથી એક તો સફળ થાય છે એને બીજો નુકસાન ભોગવી દુકાન બંધ કરી દે છે? વાત એમ છે કે સફળ થનાર વ્યક્તિએ કામ-ક્રોધમાંથી મુક્તિ મેળવીને સાચી લગનથી પ્રવૃત્તિ અને યોગ્યતાની દુકાનમાં કામ કર્યું. કામ-ક્રોધમાંથી મુક્તિ મેળવ્યા પછી એનું ધ્યાન દુકાનમાં કામ તરફ વધ્યું.

ફ્રેંકલિન કહે છે કે, 'જેણે કામ-ક્રોધમાંથી મુક્તિ મેળવી છે, તે જ પોતાના પગ પર સાચી રીતે ઊભો રહી શકશે. કોઇ પણ વ્યક્તિનાં નિર્માણમાં આ વાત ખૂબ જ મહત્ત્વની છે.'

કાર્લાઇલ લખે છે કે, 'તે વ્યક્તિ ભાગ્યશાળી છે, જેમ કામ-ક્રોધમાંથી મુક્તિ મેળવી લે છે.'

ફ્રાંસના સુપ્રસિદ્ધ વિચારક રૂસોએ કહ્યું છે કે, 'જેણે કામ-ક્રોધ ત્યાગીને શિક્ષણ પ્રાપ્ત કર્યું છે, તે માનવી સાથે સંબંધ બધાવનાર બધાં કાર્યો ખૂબ જ સરસ રીતે કરી શકશે. મને એ વાતની ચિંતા નથી કે મારા શિષ્ય સેના, ધર્મ-પ્રચાર અથવા ન્યાયાલયો સંબંધી કામોમાં લાગ્યા રહે. વાસ્તવમાં કુદરતે આપણને સમાજથી સંબંધ રાખનાર કોઇ પણ કાર્ય માટે યોગ્ય બનાવતાં પહેલાં માનવજીવન સાથે સંબંધ રાખનાર કાર્ય કામ-ક્રોધમાંથી મુક્તિ માટે બનાવ્યાં છે. જ્યારે તે શિક્ષણ મેળવી લે છે, પછી ગમે તે કામ કરતી હોય, તે ના સિપાઇ હશે કે ના પાદરી કે ના વકીલ કે ડોકટર, તે સૌથી પહેલાં માનવી હશે, જેણે કામ-ક્રોધનું નિવારણ કર્યું હશે, બાકી બધું પછી.'

જે હેતુના સંબંધમાં જરા પણ શંકા પડે તો એ ન્યાયપૂર્ણ અને શ્રેષ્ઠ ના હોઇ શકે. એને તરત છોડી દેવો જોઇએ, જરા પણ કામ-ક્રોધમાં ઘેરાયા વગર. આ જ વાત ખૂબ મહત્ત્વની છે. એટલે કામ-ક્રોધમાંથી મુક્તિ મેળવી એકાગ્રતાથી કરવામાં આવેલું કોઇ પણ કામ સફળ થતું હોય છે. ઇમર્સન તો કહે છે કે, 'જીવનમાં જો કોઇ બુદ્ધિમત્તાપૂર્ણ વાત હોય તો તે છે કામ-ક્રોધમાંથી મુક્તિ.'

સફળ અને અસફળ વ્યક્તિમાં શું તફાવત છે? તો એ કે એકે કામ-ક્રોધ સાથે કામ કર્યું છે અને બીજાએ કામ-ક્રોધમાંથી મુક્તિ મેળવી કામ કર્યું છે.

ખ્યાતનામ નવલકથાકાર ચાર્લ્સ ડિકન્સ તો કહ્યા કરતા હતા કે, 'કામ-ક્રોધનો ત્યાગ કરવો એ ખૂબ જ ઉપયોગી, લાભદાયક, નિરાપદ અને સુનિશ્ચિત ગુણ છે. એ પ્રાપ્ત કરવા માટે તન-તોડ મહેનત કરવી જોઇએ. હું તમને ખાતરીપૂર્વક કહું છું કે મારી શોધ અને કલ્પનાઓ કદી મને સહાયરૂપ ના બનત, જો મેં કામ-ક્રોધનો ત્યાગ ના કર્યો હોત. હંમેશા પૂર્ણ મનુષ્ય બનવા માટે કામ-ક્રોધનો ત્યાગ કરવો જોઇએ. ભલે તમે લેખક બનો, પરંતુ એવા લેખક બનો કે દેશની વિચારધારામાં ક્રાન્તિ આવે કે પછી હૉર્શિયાર રમતવીર બની તમારા હરીફને પરાજિત કરો, પણ એ ત્યારે જ બનશે જ્યારે તમે કામ-ક્રોધમાંથી મુક્તિ મેળવી હશે.'

સાચા વૈષ્ણવજન તો તેને કહીએ, કામ-ક્રોધ નિવાર્યા રે,
ભણે નરસૈયો એનું દર્શન કરતા, કુળ ઇકોતેર તાર્યા રે.